# ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે તેમના નિયંત્રણ - કેન્દ્રક અને સામાજિક આર્થિક સ્તરનો સંબંધ

સંશોધક
ડૉ. દેવયાની એન. પરમાર
એમ.એ., એમ.એડ્-, પીએચ.ડી.

---

માનવીએ પોતાના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ મેળવવું આવશ્યક ગણાય છે. શિક્ષણ દ્વારા જ દરેક વ્યકિત ઉત્કૃષ્ટ મૂલ્યોનું ઘડતર કરી શકે છે, તેના દ્વારા ઉચ્ચ સંસ્કૃતિપ્રદ રાષ્ટ્રનું ઘડતર થાય છે. સામાન્ય રીતે શિક્ષણ ત્રિધ્રુવી પ્રક્રિયા ગણાય છે - શિક્ષક, વિદ્યાર્થી અને અભ્યાસક્રમ. આ ત્રણેય ઘટકનું અલગ-અલગ અને અનન્ય મહત્ત્યવ છે. એમાંય ખાસ કરીને વિદ્યાર્થી શિક્ષક અને અભ્યાસ ક્રમને ગાઢ રીતે જકડી રાખે છે અને સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આ સિદ્ધિ નિમ્ન કે ઉચ્ચ પ્રકારની હોય છે. સિદ્ધિ પ્રાપ્ત કરવામાં કયા કયા પરિબળો અસર કરતા હશે ? તે પ્રશ્નના નિવારણ માટેના સંશોધનો દ્વારા અધ્યેતાની શૈક્ષણિક સિદ્ધિને અસર કરતાં મુખ્યત્વે બે પરિબળો જોવા મળે છે.

(1) આંતરીક પરીબળો

(૨) બાહ્ય પરીબળો

આંતરીક પરીબળોમાં વિદ્યાર્થીઓના રસ, રુચિ, બુદ્ધિ, પ્રેરણા જેવા ઘટકો જયારે બાહ્ય પરીબળોમાં વિદ્યાર્થીનું સામાજિક-આર્થિક સ્તર, સામાજિક વાતાવરણ જેવા ઘટકોનો સમાવેશ કરી શકાય છે. જયંત વ્યાસ (૨006) ના મતે, વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટેની પ્રેરણા જેમ વધુ હકારાત્મક હોય તેમ તેને ઊંચી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

તેવી જ રીતે બાહ્ય પરીબળોમાંનું એક એવું પરીબળ વિદ્યાર્થીઓનું સામાજિક - આર્જિક સ્તર જે સામાન્ય રીતે તેના માતા-પિતા તેમજ વાલીઓ પર અવલંબિત હોય છે. માતા-પિતાનું સામાજિક સ્તર અને માતા-પિતાનું આર્થિક ધોરણ વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવામાં સહાયરૂપ થાય છે, ઉપયોગી થાય છે.

આમ, વિદ્યાર્થીઓની સિદ્ધિ પર તેમના આંતરીક અને બાહ્ય પરીબળો કેવી અસર કરે છે ? તે પ્રશ્નોના ઉકેલ મેળવવા વિદ્યાર્થીઓની અધ્યયન સિદ્ધિને અસર કરતા હોય તેવા આંતરીક પરીબળો અને સામાજિક-આર્થિક સ્તર તેમની સિદ્ધિ પર શી અરસ થાય છે ? તે જાણવા સંશોધકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવાનો પ્રયાસ કર્યો હતો.

**અભ્યાસના હેતુઓ**

1. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડ અને સામાજિક-આર્થિક સ્તર માપદંડની રચના કરવી.

૨. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડ અને સામાજિક-આર્થિક સ્તર માપદંડની વિશ્વસનીયતા અને યથાર્થતા જાણવી.

3. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે નિયંત્રણ કેન્દ્રક તેમજ સામાજિક- આર્થિક સ્તરનો અન તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવો.

4. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કુમાર વિદ્યાર્થીઓના નિયંત્રણ કેન્દ્રક તેમજ સામાજિક- આર્થિક સ્તરનો અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવો.

૫. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કન્યા વિદ્યાર્થીઓના નિયંત્રણ કેન્દ્રક તેમજ સામાજિક- આર્થિક સ્તરનો અને તેમની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવો.

6. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના અનામત વિદ્યાર્થીઓના નિયંત્રણ કેન્દ્રક તેમજ સામાજિક- આર્થિક સ્તરનો અને તેમની શૈક્ષર્ણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવો.

7. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિનઅનામત વિદ્યાર્થીઓના નિયંત્રણ કેન્દ્રક તેમજ સામાજિક- આર્થિક સ્તરનો અને તેમની શૈક્ષર્ણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવો.

8. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓના નિયંત્રણ કેન્દ્રક તેમજ સામાજિક- આર્થિક સ્તરનો અને તેમની શૈક્ષર્ણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવો.

9. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના નિયંત્રણ કેન્દ્રક તેમજ સામાજિક- આર્થિક સ્તરનો અને તેમની શૈક્ષર્ણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવો.

10. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના મુક્તત જવાબી પ્રશ્નાવલિ પર અભિપ્રાયો મેળવવા.

**અભ્યાસના પ્રશ્નો**

1. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડ અને સામાજિક-આર્થિક સ્તર માપદંડની વિશ્વસનીયતા અને યથાર્થતા કેટલી છે ?

૨. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવી છે ?

3. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કુમાર અને કન્યા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવે છે ?

4. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના અનામત અને બિન અનામત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવે છે ?

૫. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવે છે ?

6. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવી છે ?

7. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કુમાર અને કન્યા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવી છે ?

8. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના અનામત અને બિન અનામત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવી છે ?
9. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવી છે ?

**અભ્યાસની ઉત્કલ્પનાઓ**

1. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં સાર્થક તફાવત નહીં હોય.
૨. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કુમાર વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહી હોય.
3. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કન્યા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહી હોય.
4. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના અનામત વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
૫. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિન અનામત વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
6. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
7. આંતરીક અને બાહ્ય નિયંત્રણ કેન્દ્રક ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
8. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
9. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કુમાર વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
10. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કન્યા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
11. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના અનામત વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
૧૨. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિન અનામત વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

13. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
14. ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્તર ધરાવતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ અંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

**અભ્યાસની મર્યાદાઓ**

1. પ્રસ્તુત અભ્યાસ માત્ર ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પર હાથ ધરવામાં આવ્યો હતો.
૨. પ્રસ્તુત અભ્યાસ માત્ર જામનગર શહેરની ગુજરાતી માધ્યમવાળી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ ૨૦07-08 ના વિદ્યાર્થીઓ પુરતો મર્યાદિત હતો.
3. નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડની રચના કરવા માટે વિદ્યાર્થીઓના વ્યકિતત્વ, રસ, સર્જનાત્મકતા, સમાયોજન જેવા મર્યાદિત ઘટકો પસંદ કરવામાં આવ્યા હતા.
4. વિદ્યાર્થીઓની જ્ઞાતિ, કુટુંબના સભ્યોની શૈક્ષણિક લાયકાત, પિતા / માતાનો વ્યવસાય, કુટુંબની કુલ માસિક આવક, માલીકીના વાહન, રહેઠાણ વ્યવસ્થા તથા રહેઠાંણ - વિસ્તાર જેવા મર્યાદિત ઘટકો આધારીત રચવામાં આવેલ સામાજિક - આર્થિક સ્તર માપદંડ દ્વારા વિદ્યાર્થીઓનું સામાજિક-આર્થિક સ્તર માપવામાં આવેલ હતા.

**અભ્યાસનું મહત્ત્યવ**

1. વિદ્યાર્થીઓનું નિયંત્રણ કેન્દ્રક (આંતરીક તથા બાહ્ય) તેમની શૈક્ષણિક સિદ્ધિ પર શી અસર કરે છે ? તેનો આધાર લઈ વિદ્યાર્થીઓને નિયંત્રણ કેન્દ્રક અંગેનું માર્ગદર્શન પુરુ પાડવા માટેના ફલિતાર્થ ઉપલબ્ધ થશે.
૨. વિદ્યાર્થીઓના સામાજિક-આર્થિક સ્તર (ઉચ્ચ અને નિમ્ન) તેમની શૈક્ષણિક સિદ્ધિ પર કેવી અસર કરે છે ? તે જાણવા મળશે. તેને આધારે યોગ્ય માર્ગદર્શન પુરું પાડવા માટે શિક્ષકોને પીઠબળ પુરું પાડી શકશે.
3. નિયંત્રણ કેન્દ્રકના વિકાસથી વિદ્યાર્થીઓના નિયંત્રણ કેન્દ્રકને જાણ્યા બાદ તેની સાથે વર્તન કરવાનું શિક્ષકને પરોક્ષ રીતે માર્ગદર્શન પુરું પાડી શકશે.
4. નિયંત્રણ કેન્દ્રકના વિકાસથી વિદ્યાર્થીઓના વ્યકિતત્વનું ઘડતર યોગ્ય દિશામાં થાય તે માટે વિદ્યાર્થીઓનું કયું નિયંત્રણ કેન્દ્રક વધુ ઉપયોગી છે ? તેનો ખ્યાલ આવશે.
૫. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સાર્થક અસર ઉપજાવતા નિયંત્રણ કેન્દ્રકની ઓળખ અને વિકાસ માટે વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડવાની જરૂરીયાત જાણી શકાશે.
6. વિદ્યાર્થીઓનું નિમ્ન સામાજિક-આર્થિક સ્તરે તેમની શૈક્ષણિક સિદ્ધિ પર નકારાત્મક અસર ન ઉપજાવે અને તેમની શૈક્ષણિક સિદ્ધિમાં વધારો થાય તેવું શિક્ષકને માર્ગદર્શન પુરું પાડશે.

શબ્દોની વ્યવહારૂ વ્યાખ્યાઓ

નિયંત્રણ કેન્દ્રક. નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડની દરેક કલમના બે વિકલ્પોમાંથી કોઈ એક વિકલ્પની પસંદગી દ્વારા વ્યકત થતો જીવન અને જગતમાં બનતી ઘટનાઓ પરના નિયંત્રણની આંતરીકતા તથા બાહ્યતા દર્શાવતા પ્રતિચારો પર મળતા પ્રાપ્તાંકો એટલે નિયંત્રણ કેન્દ્ર.

સામાજિક-આર્થિક સ્તર. સામજિક-આર્થિક સ્તર માપદંડ અનુસાર સામાજિક-આર્થિક સ્તરની કક્ષા.

શૈક્ષણિક સિદ્ધિ. ગુજરાત રાજ્ય માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-10 ના બોર્ડની પરીક્ષામાં પ્રાપ્ત થયેલ ટકાવારી.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં જામનગર શહેરની ગુજરાતી માધ્યમવાળી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨007-08 માં અભ્યાસ કરતાં ધોરણ-11 ના વિદ્યાર્થીઓનો વ્યાપ વિશ્વમાં સમાવેશ થયો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે વ્યાપ વિશ્વમાંથી જામનગર શહેરની ગુજરાતી માધ્યમવાળી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાંથી સ્તરીકૃત યદ્યચ્છ નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા એક કુમાર શાળા, એક કન્યા શાળા તથા બે મિશ્ર શાળાઓનો નમૂનામાં સમાવેશ કરવામાં કર્યો હતો. કુલ ચાર ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાંથી ઝુમખા નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા ધોરણ-11 ના વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહના મળીને કુલ 370 વિદ્યાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓના નિયંત્રણ કેન્દ્રક તથા સામાજિક-આર્થિક સ્તરનો શૈક્ષણિક સિદ્ધિ સાથેના સંબંધોનો અભ્યાસ કરવા સંશોધક દ્વારા નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડ તથા સામાજિક-આર્થિક સ્તર માપદંડ એમ બે ઉપકરણોની રચના કરવામાં આવી હતી. નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડમાં વિદ્યાર્થીઓના રસ, વ્યકિતત્વ, સર્જનાત્મકતા તથા સમાયોજન જેવા ઘટકો આધારીત વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સામાજિક-આર્થિક સ્તર માપદંડમાં વિદ્યાર્થીઓની જ્ઞાતિ, પિતાની શૈક્ષણિક લાયકાત, માતાની શૈક્ષણિક લાયકાત, પિતાનો વ્યવસાય, માતાનો વ્યવસાય, કુટુંબની કુલ માસિક આવક, રહેઠાણનો પ્રકાર, રહેઠાણ વિસ્તાર તથા માલીકીના વાહનો જેવા ઘટકો આધારીત વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બન્ને ઉપકરણની પૂર્વ અજમાયશને આધારે જરૂરી સુધારા કરી માપદંડને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

**માહિતીનું એકત્રીરણ**

પ્રસ્તુત અભ્યાસ માટે માહિતી મેળવવા સંશોધકે પૂર્વ પત્ર વ્યવહારથી નમૂનામાં સમાવિષ્ટ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓનો સંપર્ક કરી નિશ્ચિત તારીખ તથા સમયે શાળામાં રૂબરૂ હાજર

રહી વિદ્યાર્થીઓ પાસેથી નિયંત્રણ-કેન્દ્રક ઓળખ માપદંડ તથા સામાજિક-આર્થિક સ્તર માપદંડ પર પ્રતિચારો મેળવ્યા હતા.

**માહિતીનું પૃથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું અંકશાસ્ત્રીય પદ્ધતિ વડે વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. જેમાં આવૃત્તિ વિતરણ, સરાસરી, પ્રમાણ વિચલન, વિરૂપતા, કકૂદતા જેવા વર્ણનાત્મક અંકશાસ્ત્રીય માપની ગણતરી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા અપાયેલ પ્રતિચારોનું ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તથા જરૂર જણાય ત્યાં આલેખાત્મક રજૂઆત કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીના વિશ્લેષણ અને અર્થઘટન માટે જાણીતા કમ્પ્યૂટર પ્રોગ્રામ NRT 2000 અને SPSS નો ઉપયોગ કર્યો હતો.

**અભ્યાસના કારણો**

1. નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડની વિશ્વસનીયતા ઘણી ઊંચી હતી.
૨. નિયંત્રણ કેન્દ્રક ઓળખ માપદંડની યથાર્થતા ઊંચી હતી.
3. સામાજિક-આર્થિક સ્તર માપદંડની વિશ્વસનીયતા ઘણી ઊંચી હતી.
4. સામાજિક-આર્થિક સ્તર માપદંડની યથાર્થતા ઊંચી હતી.
૫. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના નિયંત્રણ કેન્દ્રકની અસર જોવા મળી ન હતી.
6. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કુમાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના નિયંત્રણ કેન્દ્રકની અસર જોવા મળી ન હતી.
7. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કન્યા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના નિયંત્રણ કેન્દ્રકની અસર જોવા મળી ન હતી.
8. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના અનામત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના નિયંત્રણ કેન્દ્રકની અસર જોવા મળી ન હતી.
9. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બિન અનામત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના નિયંત્રણ કેન્દ્રકની અસર જોવા મળી ન હતી.
10. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના નિયંત્રણ કેન્દ્રકની અસર જોવા મળી ન હતી.
11. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના નિયંત્રણ કેન્દ્રકની અસર જોવા મળી ન હતી.
1૨. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના સામાજિક-આર્થિક સ્તરની સાર્થક અસર જોવા મળી હતી.

13. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કુમાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના સામાજિક- આર્થિક સ્તરની સાર્થક અસર જોવા મળી હતી.
14. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કન્યા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના સામાજિક- આર્થિક સ્તરની સાર્થક અસર જોવા મળી હતી.
૧૫. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના અનામત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના સામાજિક-આર્થિક સ્તરની સાર્થક અસર જોવા મળી હતી.
16. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બિન અનામત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના સામાજિક-આર્થિક સ્તરની સાર્થક અસર જોવા મળી હતી.
17. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના સામાજિક-આર્થિક સ્તરની સાર્થક અસર જોવા મળી હતી.
18. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના સામાજિક-આર્થિક સ્તરની સાર્થક અસર જોવા મળી હતી.
19. મોટાભાગના વિદ્યાર્થીઓ કારર્કિદીમાં સફળતા અપાવે, જીવન વ્યવહારમાં ઉપયોગી બને તથા સમસ્યા ઉકેલ, પ્રોજેકટ પદ્ધતિ દ્વારા અધ્યયન કરી શકાય તેવા વિષયોને પસંદ કરતાં જોવા મળ્યા હતા.
૨૦. કેટલાક વિદ્યાર્થીઓ શીખવામાં સરળ હોય તથા પરીક્ષામાં વધુ ગુણ પ્રાપ્ત થઈ શકે તેવા વિષયો પસંદ કરતાં હતા.
૨૧. મોટાભાગના વિદ્યાર્થીઓ તેમની સફળતા માટે દ્રઢ મનોબળ તથા તેમના ખંત અને આત્મ વિશ્વાસને વધુ મહત્ત્યવ આપતા જોવા મળ્યા હતા.
૨૨. અમુક વિદ્યાર્થીઓ પોતાના કાર્યની સફળતા માટે નસીબ તથા અનુકૂળ સંજોગોને જ આધારભૂત ગણતા જોવા મળ્યા હતા.
૨૩. જે વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓના દુઃખની અનુભૂતિ સરળતાથી કરી શકતા હતા તેઓ વધુ સારી રીતે સમાજમાં અનુકૂલન સાધી શકતા જોવા મળ્યા હતા.
૨૪. ઘણા વિદ્યાર્થીઓ અન્ય પાસેથી મદદ મેળવવા તથા અન્ય વિદ્યાર્થીઓના ઉચ્ચ વિચાર તથા વર્તનને આધારે તેમની સાથે સમાયોજિત થવા માંગતા હતા.
૨૫. કેટલાક વિદ્યાર્થીઓ પોતાના કાર્યો એકાંતમાં અને એકલા કરવાનું વલણ ધરાવતા જોવા મળ્યા હતા.
૨૬. મોટાભાગના વિદ્યાર્થીઓ આશાવાદી તથા આત્મવિશ્વસુ જોવા મળ્યા હતા. તેઓ પોતાના ઉતાવળા સ્વભાવને કારણે કાર્યમાં તલ્લીનતા દાખવી શકતા નથી તેવું પણ જાણવા મળ્યું હતું.

**સંદર્ભસૂચિ :**

ભોગાયતા ચંદ્રકાન્ત, (૨૦૦૩). અધ્યાપન પ્રાયોજિત મનોવિજ્ઞાન. અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

.................., (૧૯૮૫). સર્જનાત્મકતા, સ્વ-સંકલ્પના અને નિયંત્રણ-સ્રોત વચ્ચેના સંબંધનો અભ્યાસ. અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દાંડીકર મો., (૧૯૯૬), શૈક્ષણિક મનોવિજ્ઞાન. અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર.

દેસાઈ, એચ. અને દેસાઈ, કે., (૧૯૯૭). (છઠ્ઠી આ.). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

દોંગા એન., (૨૦૦૭). શિક્ષણનું મનોવિજ્ઞાન. રાજકોટ : નિજ્ઞિજન સાયકો સેન્ટર.

દુધરેજિયા એચ., (૨૦૦૦). વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે તેમના નિયંત્રણ - કેન્દ્રક અને જ્ઞાનાત્મક શૈલીનો સંબંધ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી.

ગાયકવાડ જી. (૧૯૯૫). ડાંગ જિલ્લાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો અને શૈક્ષણિક સિદ્ધિ પર તેમની કૌટુંબિક પશ્ચાદભૂની અસરનો અભ્યાસ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ધાડીયા સી., (૧૯૮૫). વિદ્યાર્થીઓની સામાજિક પશ્ચાદભૂમિકાના સંદર્ભમાં તેમની શૈક્ષણિ સિદ્ધિઓનો અભ્યાસ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

શાહ ડી., (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

શાહ, જી. અને પંડયા, કે. (૧૯૯૯) (ચો.આ.). શૈક્ષણિક મનોવિજ્ઞાન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

સીરજો. (૧૯૯૧). રાજકોટ જિલ્લાના ધોરણ આઠ થી બારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા, ચિંતાતુરતા અને સામાજિક-આર્થિક સ્થિતિનો અભ્યાસ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી. (૧૯૯૭). સામાજિક શાસ્ત્રોમાં સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારૂ આધારો. રાજકોટ : પારસ પ્રકાશન.

ઉચાટ, ડી. અને અન્યો. (૧૯૮૮). સંશોધનોનું સંદોહન. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.(૨૦૦૦). સંશોધનની વિશિષ્ટ પદ્ધતિ. રાજકોટ : પારસ પ્રકાશન

.................. (૨૦૦૫). સંશોધન દર્શન. રાજકોટ : પારસ પ્રકાશન

વાઢેળ, એલ. (૨૦૦૦). વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે તેમના નિયંત્રણ કેન્દ્રક અને સામાજિક-આર્થિક સ્તરનો સંબંધ. અપ્રકાશિત લઘુ શોધનિબંધ, ભાવનગર યુનિવર્સિટી

વ્યાસ, જે. અને જોષી, બી. (૨૦૦૬). શિક્ષણાયન. ભાવનગર : Educational Technology Forum.

વ્યાસ, એચ. (૨૦૦૧). રાજકોટ શહેરના ધોરણ અગિયારના વિદ્યાર્થીઓનાં સફળતા-નિષ્ફળતા માટે જવાબદાર પરીબળો પ્રત્યેના વલણોની તરેહ પર નિયંત્રણ-સ્રોતની અસરનો અભ્યાસ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી.

વ્યાસ, જે. (1989). દસમાં ધોરણની વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના નિયંત્રણ-કેન્દ્રક અને સામાજિક-આર્થિક સ્તરની અસર. અપ્રકાશિત મહાશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી.